# ધોરણ–૧૨ બાદ, ઉચ્ચ અભ્યાસ માટે સામાન્ય ભવિષ્ય નિધિમાંથી અંશતઃ આખરી ઉપાડ મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર, નાણાં વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએફઆર–૧૦૨૦૦૪–૭૨૩–ચ,
સચિવાલય, ગાંધીનગર, તા.૯ માર્ચ ૨૦૦૫

**સંદર્ભ :** નાણાં વિભાગનો તા.૨૧–૯–૯૯ નો ઠરાવ ક્રમાંક : પીએફઆર–૧૦૯૯–૫૩૦–ચ.

**ઠરાવ :** ઉપર આમુખમાં દર્શાવેલી ઠરાવથી કર્મચારીના સંતાનોના ધોરણ–૧૦, ૧૧ અને ૧૨ ના શૈક્ષણિક અભ્યાસ માટે તેમના સામાન્ય ભવિષ્ય નિધિમાંથી અનુક્રમે રૂ.૭,૦૦૦, રૂ. ૧૦,૦૦૦ અને રૂ. ૧૫,૦૦૦ ની મર્યાદામાં અંશતઃ આખરી ઉપાડ પેશગી મંજુર કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૨. પરંતુ સરકારી કર્મચારીઓના બાળકોના ધોરણ–૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટે મોટી રકમની ફી તેમજ અન્ય આનુસંગિક ખર્ચામાં થયેલ વધારાને કારણે પડતી આર્થિક મુશ્કેલીને કારણે કર્મચારી મંડળોની રજુઆતો ધ્યાને લઈ આવા ઉચ્ચ અભ્યાસ માટે, મળવાપાત્ર અંશતઃ આખરી ઉપાડમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

૩. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોના નિયમ–૧૫(ક) (૨) ની જોગવાઈ અનુસાર ભારતમાં હાઈસ્કુલ પછીના કક્ષાના કોઈપણ તબીબી, ઈજનેરી અથવા ટેકનીકલ અને ઉકત નિયમની છઠી અનુસૂચિ ના (નિર્દિષ્ટ) તદવિદ્ધ તમામ અભ્યાસક્રમ માટે નિયમમાં નિર્દિષ્ટ ૧૫ અથવા ૧૦ વર્ષની સેવા બજાવેલ હોય તેમને અંશતઃ આખરી ઉપાડનો લાભ મળવાપાત્ર થાય છે. ઉકત નિયમોના નિયમ ૧૫(ખ) (૧) માંની જોગવાઈ મુજબ બચતદારનો દરજ્જો તેમજ તેમના ખાતે જમા રકમ લક્ષમાં લઈ, ઉપાડ માટેની મર્યાદા થી વધુ, ૩/૪ ભાગ સુધીની રકમના ઉપાડની મંજૂરી આપવાની જોગવાઈ છે.

આ અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે ઠરાવેલ છે કે કર્મચારીએ બજાવેલ સેવાના વર્ગો ધ્યાને ન લેતા કર્મચારી તેમના સંતાનની ધોરણ–૧૨ ની માર્કશીટ રજુ કરે તો તે અંગેની પુરેપુરી ચકાસણી કરી તેમને સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાંથી રૂ. ૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર) અથવા જમા ખાતામાં રકમના ૭૫ ટકા રકમ બેમાંથી જે ઓછી હોય તે રકમ અંશતઃ આખરી ઉપાડ તરીકે મંજૂર કરી શકાશે.

૪. આ ઉપાડ માટેનો હુકમનો અમલ તા.૧–૪–૨૦૦૫ થી કરવાનો રહેશે.

૫. આ અંગે મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોમાં જરૂરી સુધારો કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, એચ.ડી. સેઈલર**
ઉપસચિવ, નાણા વિભાગ